ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણના
અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/સંસ્થાઓને
જોડાણ મંજુર કરવાની સૂચનાઓ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: યજન/૧૦૨૦૦૩/૨૮૦/ખ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૧ માર્ચ-૨૦૦૩

સંદર્ભ : શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: યજન/૧૦૨૦૦૧/(૨૮)ખ.૧
તા.૨૧-૧૨-૨૦૦૧

ઠરાવ :

શિક્ષણ વિભાગના સંદર્ભમાં જણાવેલ ઠરાવથી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાંના અભ્યાસક્રમને ચલાવતી સંસ્થા/કોલેજોએ જોડાણ મેળવવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આ અંગે સંસ્થા/કોલેજો તરફથી સમયસર દરખાસ્તો રાજ્ય સરકારને મળતી ન હોવાથી જોડાણ મંજુર થયેલ ન હોય તેવી કોલેજોના અભ્યાસક્રમો ચાલુ રહેવા પામે છે. પરીક્ષાઓ લેવામાં આવે છે તેમજ પરિણામો પણ બહાર પાડવામાં આવે છે. આ પરિસ્થિતિ નિવારવા માટે રાજ્ય સરકાર તરફથી નીચે મુજબની કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) જે સંસ્થા/કોલેજ તરફથી રાજ્ય સરકારની સૈદ્ધાંતિક મંજુરી મેળવેલ ન હોય તેવી સંસ્થા/કોલેજ તરફથી અભ્યાસક્રમો ચાલુ કરી શકશે નહી. આ સૂચનાનું ઉલ્લંઘન કરી જો અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવશે તો તેમને પાશ્ચદવર્તી અસરથી સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવશે નહિ. સૈદ્ધાંતિક મંજુરી વગર જો વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે તો સંબંધિત યુનિવર્સિટી તરફથી આવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહીં કે પરીક્ષા લેવામાં આવશે નહી. વિદ્યાર્થીને આ માહિતી મેળવવાનો અધિકાર છે.

(૨) વર્ષ: ૨૦૦૧-૨૦૦૨ સુધીના જોડાણોની મંજુરી દરેક સંસ્થાએ તા.૩૦-૬-૦૩ સુધીમાં મેળવી લેવાની રહેશે. જોડાણો અંગેની કામગીરી જે યુનિવર્સિટીઓએ/સંસ્થાઓએ કરવાની છે તે આ તારીખ સુધીમાં ચોક્કસ રીતે પૂર્ણ કરવાની રહેશે. આ સમય દરમ્યાન જો કાર્યવાહી પૂર્ણ કરવામાં નહી આવે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૩) વર્ષ: ૨૦૦૨-૨૦૦૩ ના જોડાણો તા.૩૧-૮-૨૦૦૩ સુધીમાં મંજુર કરાવી લેવાના રહેશે. આ જોડાણ મંજુરીની દરખાસ્ત સાથે અગાઉના વર્ષોના જોડાણો મંજુર થયેલ હોવાની નકલો દરખાસ્ત સાથે મોકલવાની રહેશે.

(૪) નવું જોડાણ કે વધારાનું જોડાણ મેળવવા અંગેની દરખાસ્ત સાથે નીચેની વિગતો સ્પષ્ટ રીતે આપવાની રહેશે.

(અ) ક્યા વિષય/અભ્યાસક્રમનું જોડાણ ?
(બ) સૈદ્ધાંતિક મંજુરી ક્યારે મળી ? (નકલ સાથે)
(ક) ક્યા ક્યા જોડાણો મળ્યા છે ? (નકલ)

(ડ) ક્યારે ક્યારે રીન્યુ કરવામાં આવ્યા ? (નકલ)

(ઈ) ક્યા ક્યા વર્ષની બાકી છે ?

(એફ) શરત પરિપાલનનો યુનિવર્સિટીનો અહેવાલ મળ્યા તારીખ (નકલ સાથે)

(જી) જો શરતી જોડાણ હોય તો કઈ કઈ શરતોનું પાલન કરવામાં આવેલ નથી અને તેના કારણો

(૫) જે સંસ્થાઓ/કોલેજો કામચલાઉ જોડાણ મેળવી અભ્યાસક્રમો ચલાવે છે તેવી સંસ્થાઓએ યુ.જી.સી. ની ગાઈડલાઈન મુજબ ત્રણથી પાંચ વર્ષ દરમ્યાન કાયમી જોડાણ મેળવી લેવાના રહે છે. પરંતુ રાજ્યમાં ઘણી મોટી સંખ્યામાં કોલેજો કામચલાઉ જોડાણ પર ચલાવવામાં આવે છે તે યોગ્ય નથી. આ સંજોગોમાં નીચે મુજબની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે

(અ) જે સંસ્થાઓ પાંચ વર્ષ કે તેથી વધારે સમયથી કામચલાઉ જોડાણ મેળવી અભ્યાસક્રમો ચલાવે છે તેવી સંસ્થાઓ/કોલેજોએ તા.૩૧-૧૦-૨૦૦૩ સુધીમાં કાયમી જોડાણો મેળવી લેવાના રહેશે.

(બ) જે સંસ્થાઓ ચાર વર્ષ સુધીના કામચલાઉ જોડાણો મેળવી અભ્યાસક્રમો ચલાવે છે તેવી સંસ્થા/કોલેજોએ તા.૩૧-૫-૨૦૦૪ સુધીમાં કાયમી જોડાણ મેળવી લેવાના રહેશે.

(ક) જે સંસ્થાઓ ત્રણ વર્ષ સુધીના કામચલાઉ જોડાણો ધરાવે છે તેમણે તારીખ: ૩૧-૮-૨૦૦૪ સુધીમાં કાયમી જોડાણ મેળવી લેવાના રહેશે.

ઉપરોક્ત (અ) થી (ક) માં જણાવેલ સમય મર્યાદામાં જોડાણ મંજુર કરાવી લેવામાં નહી આવે તેમજ સમય મર્યાદા બાદ ત્રણ માસમાં જોડાણ મેળવવામાં આવશે તો સંસ્થા/ટ્રસ્ટ/કોલેજે દંડ સ્વરૂપે રૂા ૧૦,૦૦૦/- જમા કરાવવાના રહેશે તેમજ ત્રણથી છ માસના વિલંબ માટે રૂા ૨૫,૦૦૦/- અને એક વર્ષની મર્યાદા માટે રૂા ૧ લાખ જમા કરાવવાના રહેશે. ત્યારબાદ જોડાણો/મંજુરી રદ કરવામાં આવશે.

(ડ) યુ.જી.સી. ગાઈડલાઈન મુજબ વધારેમાં વધારે પાંચ વર્ષ સુધીના કામચલાઉ જોડાણો આપી શકાય છે તે ધ્યાનમાં લઇ વર્ષ:૨૦૦૪-૨૦૦૫ ના વર્ષમાં કે ત્યારબાદ અપાનાર જોડાણો ધરાવતી સંસ્થાઓ/કોલેજોએ ત્રણ વર્ષમાં કાયમી જોડાણ મેળવી લેવાના રહેશે.

(ઈ) ઉપરોક્ત ફકરા (૨) અને (૫) માં જણાવેલ સૂચનાઓ મુજબની કાર્યવાહી કરવામાં નહી આવે તો આવા કામચલાઉ જોડાણો જે સંસ્થા/કોલેજે મેળવેલ નહી હોય અને વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન યુનિવર્સિટી સાથે કરાવવામાં આવશે તો સંસ્થાના પ્રિન્સિપાલની જવાબદારી નક્કી કરી શિક્ષાત્મક કાર્યવાહી કરવાની રહેશે તથા રજીસ્ટ્રેશન કરવા બદલ યુનિવર્સિટીના સંબંધિત અધિકારી સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ શિક્ષા નોકરીમાંથી રુખસદ સુધીની થઈ શકશે. આ સૂચનાનું ઉલ્લંઘન કરી પરીક્ષા લેવામાં આવશે તો સંબંધિત યુનિવર્સિટીના પરીક્ષા નિયામક કે અન્ય હોદો ધરાવતા અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે, જે નોકરીમાંથી રુખસદ સુધીની થઈ શકશે.

(એફ) જો જોડાણ મેળવવાની કાર્યવાહીમાં સંસ્થા/ટ્રસ્ટ/કોલેજ નિષ્ફળ જશે અને જવાબદાર જણાશે તો તેવા કિસ્સાઓની સંસ્થા/ટ્રસ્ટ/ટ્રસ્ટી/માલિક અંગત રીતે કે સંયુક્ત રીતે શિક્ષાને પાત્ર થશે. આવી સંસ્થાને અન્ય કોઈ અભ્યાસક્રમો કે વધારાના વર્ગો ત્રણ વર્ષ સુધી મંજુર કરવામાં આવશે નહી. આ ઉપરાંત આ જ ટ્રસ્ટીઓ દ્વારા ચલાવવામાં કે નવા રચાયેલ સંસ્થા/ટ્રસ્ટને પણ ત્રણ વર્ષ સુધી નવા જોડાણ/નવા વર્ગો મંજુર કરવામાં આવશે નહી.

(જી) દરખાસ્ત સાથે જે કાગળો/નકલો જોડવામાં આવે તે સેલ્ફ સર્ટીફાઇડ કરી રજુ કરવાના રહેશે. જો આવા કાગળો/નકલોમાં ક્ષતિ કે બનાવટ કરવામાં આવેલ હશે તેવા કિસ્સામાં સંસ્થાએ સંયુક્ત નામે મુકેલ ડીપોઝીટમાંથી પ્રથમ ભૂલ બદલ રૂા એક લાખ દંડ તરીકે કાપી લેવામાં આવશે. જો બીજી વખત આવું સાબિત થશે તો સંપૂર્ણ ડીપોઝીટ દંડ તરીકે જમા કરવાની રહેશે.

(૬) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ દરમ્યાન અપાયેલ સૈદ્ધાંતિક મંજૂરીના કિસ્સાઓમાં કામચલાઉ જોડાણ મેળવવા માટે ચોક્કસ સમય પત્રક નક્કી કરવામાં આવે છે. તે મુજબ કામચલાઉ જોડાણની દરખાસ્ત રાજ્ય સરકારને ફકરા (૪) માં જણાવેલ વિગતો સાથે તા ૩૧-૮-૨૦૦૪ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

(૭) સંબંધિત યુનિવર્સિટીઓએ તેમના નિયમો/ઓર્ડિનન્સ કે સ્ટેચ્યુટની જોગવાઇ મુજબ સંસ્થાઓ પાસેથી શરતપાલન સમયસર કરાવવાનું રહેશે તેમજ શરત પરિપાલનનો અહેવાલ સંસ્થા/ટ્રસ્ટને અને રાજ્ય સરકારને સમયસર મોકલી આપવાનો રહેશે.

કામચલાઉ જોડાણો/કાયમી જોડાણ મેળવવા મંજૂર કરવા માટે સૂચનાઓનું ચોક્કસ પાલન થાય તેવી તકેદારી રાખવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(અરવિંદ ધડુક)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ - રાજકોટ -૩૬૦ ૦૦૫

**ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં ઉચ્ચ તથા તાંત્રિક શિક્ષણના અભ્યાસક્રમો ચલાવતી કોલેજો-સંસ્થાઓને જોડાણ મંજૂર કરવાની**
**<u>માર્ગદર્શક સૂચનાઓ</u>**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ક્રમાંક-મજન-૧૦૨૦૦૧-(૨૮)-ખ.૧
સચિવાલય,ગાંધીનગર
તા. ૬-૭-૨૦૦૨

વંચાણમાં લીધા :-

❖ સરકારના શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૨૦૦૧ના ઠરાવ ક્રમાંક-મજન-૧૦૨૦૦૧-(૨૮)-ખ.૧

**<u>સુધારો :</u>**

યુનિવર્સિટી અને કોલેજો-સંસ્થાઓના જોડાણો મંજૂર કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ સરકારના ઉપર વંચાણમાં લીધેલા તા.૨૧-૧૨-૨૦૦૧ના ઠરાવ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ બહાર પાડવામાં આવેલ છે. તે પરિશિષ્ટમાં રાજ્ય સરકારે કરવાની કાર્યવાહીમાંના ફકરા-૨(અ)(૩)ને સુધારીને નીચે મુજબ કરાવવામાં આવે છે :

૨(અ) (૩) :

સંસ્થા/ટ્રસ્ટ/કોલેજે રૂ.૬ લાખની ફીક્સ ડિપોઝીટ દરેક વિદ્યાશાખા દીઠ યુનિવર્સિટીના કુલસચિવ અને જે તે સંસ્થાના પ્રમુખ/મેનેજીંગ ટ્રસ્ટીના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેન્કમાં ૬ વર્ષ માટે જમા કરાવવાની રહેશે. જે અભ્યાસક્રમના જોડાણ માટે ફીક્સ ડિપોઝીટ જમા કરાવી હોય તે અભ્યાસક્રમનું જોડાણ કાયમી જોડાણમાં પરિવર્તિત ન થાય ત્યાં સુધી ફીક્સ ડિપોઝીટ વ્યાજ સહિત રીન્યુ કરાવવાની રહેશે.

(ક) પરંતુ, જો કોઈ સંસ્થા પોતે જે યુનિવર્સિટીના ક્ષેત્રાધિકારમાં કાર્યરત હોય તેવી યુનિવર્સિટી કોઈ અભ્યાસક્રમ શીખવતી ન હોય તો અન્ય યુનિવર્સિટી સાથે તેવા અભ્યાસક્રમ માટે જોડાણ મેળવવા ઈચ્છતી હોય તો તે સંસ્થાને આવી [illegible] સરકાર નીચેની વિગતે ગુણદોષના આધારે [illegible] કરી શકશે.

ગુજરાત બહારની યુનિવર્સિટી સાથે જોડાણ મેળવતી સંસ્થાએ તેવી બહારની યુનિવર્સિટીઓના નિયમોને આધીન રહીને જો કોઈ ડિપોઝીટ મૂકવાની થતી હશે તો તેટલી રકમ રાજ્ય સરકારને ભરવાપાત્ર ડિપોઝીટની રકમ માંથી બાદ મળવાપાત્ર થશે. ઉપરાંત, આવી રાહત આ નિયમ હેઠળ મૂકવાની થતી ડિપોઝીટની બાકી રકમના ૫૦ ટકા જેટલી રકમની રાહત મળવાપાત્ર હશે.

(ખ) વધુમાં આદિવાસી કે પછાત વિસ્તારમાં કોઇ સંસ્થા નવી કોલેજ શરૂ કરવા માગતી હશે તો તેમને પ્રોત્સાહિત કરવાના ધ્યેયને અનુસરીને અને આદિવાસી/પછાત વિસ્તારમાંના વિદ્યાર્થીઓને શિક્ષણની સવલતો મળી શકે તે મુજબ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈને, સરકાર તેવી સંસ્થાઓને ડિપોઝીટ મૂકવામાંથી રાહત આપવાની વિચારણા કરી શકશે. આવી રાહત આપવાની થતી ડિપોઝીટની રકમના ૫૦ ટકા જેટલી રકમની માફી પાત્ર થશે.

૨... વધુમાં તે જ પરિશિષ્ઠના ફકરા-(અ) (૧૧) આથી રદ કરવામાં આવે છે. ઉપરાંત, પરિશિષ્ઠમાંના સંસ્થા, ટ્રસ્ટ, સોસાયટી કે કોલેજે કરવાની કાર્યવાહીના ફકરા-૩(૭) પણ આથી રદ કરવામાં આવે છે.

૩... ઉપરોક્ત સુધારાનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૨૦૦૩ થી કરવાનો રહેશે. ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

(જે.જી. વહોરા)
સરકારના નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(ઉ.અને તાં.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- નિયામકશ્રી(તાંત્રિક શિક્ષણ) ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ-રાજકોટ
- તપાસનીશ લોકલ ફંડ હિસાબ, અમદાવાદ
- હિસાબ અને તિજોરી નિયામક, ગુજરાત રાજ્ય અમદાવાદ
- કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ

.................

- ❖ કુલસચિવશ્રી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સૂરત
- ❖ કુલસચિવશ્રી, મહારાજ સયાજીરાવ યુનિ, વડોદરા
- ❖ કુલસચિવશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર(જી.આણંદ)
- ❖ કુલસચિવશ્રી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
- ❖ કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ,રાજકોટ-૩૬૦૦૦૫
- ❖ કુલસચિવશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
- ❖ કુલસચિવશ્રી, ગુજરાત વિદ્યાપીઠ નવજીવન, અમદાવાદ-૩૮૦૦૧૪
- ❖ કુલસચિવશ્રી, ધર્મેન્દ્રસિંહ દેસાઇ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, નડિયાદ.

ઉચ્ચ શિક્ષણક્ષેત્રમાં ઉચ્ચ તથા તાંત્રિક
શિક્ષણના અભ્યાસક્રમો ચલાવતી કૉલેજ
સંસ્થાને જોડાણ મંજૂર કરવાની
માર્ગદર્શક સૂચનાઓ

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવક્રમાંક : યજન-૧૯૨૦૦૧-(૨૮)-ખ ૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૧/૧૨/૨૦૦૧

ઠરાવ :

ગુજરાત રાજ્યમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણના વ્યાપ અને વિકાસમાં વૃદ્ધિ થાય તે માટે રાજ્યમાં વિવિધ યુનિવર્સિટીઓ હાલમાં કાર્યરત છે. આ યુનિવર્સિટીઓના વિસ્તારમાં આવેલી ચાલુ કૉલેજ તેમજ શરૂ થનાર નવી કૉલેજોની વિવિધ વિદ્યાશાખાઓના વિવિધ અભ્યાસક્રમો માટે યુનિવર્સિટી સાથે નવા જોડાણ, ચાલુ જોડાણ, વધારાના જોડાણ તેમજ ક્રમિક વધારાનાં જોડાણ મંજૂર કરવા માટે જે તે યુનિવર્સિટી તરફથી રાજ્ય સરકારને દરખાસ્તો ભલામણો મોકલવામાં આવે છે. આવી દરખાસ્તો તૈયાર કરવાની બાબતમાં અને ડિપોઝિટ લેવાની બાબતમાં તેમજ અન્ય બાબતોમાં અલગ અલગ યુનિવર્સિટીમાં એકસૂત્રતતા જળવાયેલી જણાતી નથી તેવું સરકારશ્રીના ધ્યાન પર આવતાં આ પ્રકારનાં જોડાણોની દરખાસ્તો અંગે સર્વગ્રાહી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. કાળજીભરી વિચારણાને અંતે સરકારશ્રીએ આ સાથેના પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કર્યા મુજબ યુનિવર્સિટી અને સંસ્થા કૉલેજનાં જોડાણો મંજૂર કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવાનો નિર્ણય કર્યો છે. આ સૂચનાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવે છે અને દરેક યુનિવર્સિટી તેમજ કૉલેજ-સંસ્થાએ આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ ૨૦૦૨-૨૦૦૩ના વર્ષથી કરવાનો રહેશે અને ૨૦૦૨-૨૦૦૩ના વર્ષની રજૂ થતી જોડાણોની બધી દરખાસ્તો માટે કરવાનો રહેશે તેમજ હવે પછી રજૂ થતી બધી જ દરખાસ્તો આ ગાઇડલાઇન મુજબ રજૂ કરવાની રહેશે. સરકારશ્રીને યુનિવર્સિટી તરફથી જ્યારે કૉલેજનું જોડાણ મંજૂર કરવાની દરખાસ્ત મોકલવામાં આવે ત્યારે આ સાથેના પરિશિષ્ટમાં નિર્દિષ્ટ સૂચનાઓ મુજબ જરૂરી ચેકલિસ્ટ, પત્રકો વિગેરે સહિતની સંપૂર્ણ દરખાસ્ત તૈયાર કરીને અત્રે મોકલવાની રહેશે તેની નોંધ લેવા વિનંતી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રદીપ પારેખ)
સરકારના ઉપસચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ

માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (ઉ. અને તાં. શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર ઉચ્ચ શિક્ષણ

કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નિયામકશ્રી (તાંત્રિક શિક્ષણ), ગુજરાત રાજય, ગાંધીનગર.

નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ, રાજકોટ.

તપાસનીશ લોકલ ફંડ હિસાબ, અમદાવાદ.

હિસાબ અને તિજોરી નિયામક, ગુજરાત રાજય, અમદાવાદ

કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ

કુલસચિવશ્રી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના, મગદલ્લા રોડ, સુરત

કુલસચિવશ્રી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા

કુલસચિવશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (જિ. આણંદ)

કુલસચિવશ્રી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિ. કેમ્પસ, રાજકોટ-૩૬૦ ૦૦૫

કુલસચિવશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર

કુલસચિવશ્રી, ગુજરાત વિદ્યાપીઠ, નવજીવન, અમદાવાદ-૩૮૦ ૦૧૪

કુલસચિવશ્રી, ધર્મેન્દ્રસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, નડિયાદ

ગુજરાત રાજ્યમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે સંબંધિત ટ્રસ્ટ-સંસ્થાઓની અરજી તેમજ કોઈ પણ યુનિવર્સિટી તરફથી નવી કૉલેજો કે સંસ્થાઓ માટેના વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) અને જોડાણના જાહેરનામા બહાર પાડવા માટેની માર્ગદર્શક સૂચનાઓ (જેમાં નવી કૉલેજો શરૂ કરવા માટે અથવા નવી કે ચાલુ કૉલેજો દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો, શરૂ કરેલા ચાલુ અભ્યાસક્રમોમાં ક્રમિક વધારા માટે અને ચાલુ જોડાણો ચાલુ રાખવા માટે અને તેની મંજૂરી આપવા માટેની બાબતોનો સમાવેશ થાય છે.)

## ૧. યુનિવર્સિટીએ કરવાની કાર્યવાહી

### (૧) યુનિવર્સિટીનું આયોજન :

દરેક યુનિવર્સિટીએ પોતાના ક્ષેત્રાધિકારમાં આવતા વિસ્તાર માટે આગળના વર્ષોનું ભવિષ્યલક્ષી આયોજન તૈયાર કરી, શૈક્ષણિક જરૂરિયાતો ધ્યાનમાં લઈ એક દસ્તાવેજ તૈયાર કરવાનો રહેશે.

### (૨) જાહેરાત :

નવી સંસ્થા - ચાલુ સંસ્થાઓ પાસેથી નવી કૉલેજ, નવા અભ્યાસક્રમો, વધારાના અભ્યાસક્રમો, ચાલુ અભ્યાસક્રમો અને જોડાણોનાં અરજીપત્રકો મંગાવવા માટે દરેક યુનિવર્સિટીએ બહોળો ફેલાવો ધરાવતાં સ્થાનિક સમાચારપત્રોમાં જે શૈક્ષણિક વર્ષથી અમલકર્તા બનનાર હોય તે અગાઉ જાહેરાત પ્રસિદ્ધ કરી દેવી જોઈશે.

### (૩) સમયમર્યાદા :

કોઈ પણ રજિસ્ટર્ડ સોસાયટી ટ્રસ્ટ-સંસ્થા નવી કૉલેજ-નવા અભ્યાસક્રમો શરૂ કરવા ઈચ્છે કે ચાલુ કૉલેજ-સંસ્થા અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ કે વધારાનાં જોડાણ મેળવવા ઈચ્છા ધરાવતાં હોય તેવાં ટ્રસ્ટ-સોસાયટી-સંસ્થાએ યુનિવર્સિટીમાં જોડાણ મેળવવા માટે યુનિવર્સિટીએ નિયત કરેલા સમયમર્યાદામાં સંબંધિત યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રીને રજિ. એ.ડી. ટપાલથી અરજીપત્રક મોકલી આપવાના રહેશે.

### (૪) તબક્કાઓ

#### (અ) નીડ કમિટી :

નવી કૉલેજ કે નવા વિષયના નવા અભ્યાસક્રમો માટેના જોડાણ અંગે આવેલ અરજીઓની જે તે વિસ્તારમાં કૉલેજના જરૂરિયાત સંદર્ભે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, રાજ્ય સરકાર કે અન્ય કાઉન્સિલ વિ. પ્રાધિકરણ (ઑથોરિટી)ના પ્રવર્તમાન નીતિનિયમો, કાયદા, સૂચનાઓ વિગેરે અન્વયે ચકાસણી કરીને યુનિવર્સિટીને નીડ કમિટીએ અહેવાલ રજૂ કરવાનો રહેશે.

#### (બ) સ્થાનિક તપાસસમિતિ :

નીડ કમિટીની ભલામણ સંદર્ભે કાયદાની જોગવાઈ પ્રમાણે સ્થાનિક તપાસસમિતિ યુનિવર્સિટીને કારોબારી સમિતિ નિભાવવાની રહેશે. સ્થાનિક તપાસસમિતિ વૈધાનિક સંસ્થાઓ-એ.આઇ.સી.ટી.ઇ. વગેરેનાં ધારાધોરણો, કાયદા, નીતિનિયમો અને સૂચનાઓ ધ્યાનમાં રાખીને કૉલેજની આંતર

માળખાકીય સવલતો તેમજ જરૂરી લાયકાત ધરાવતા કર્મચારીગણ વગેરે અંગે હાલની જરૂરિયાતો તેમજ ભવિષ્યના આયોજન અંગે તેનો અહેવાલ નિયત સમયમર્યાદામાં યુનિવર્સિટીને રજૂ કરવાનો રહેશે. આ તપાસસમિતિ ઓછામાં ઓછા ચાર સભ્યોની બનેલી હોવી જોઈશે અને તેનું કોરમ ત્રણ સભ્યોનું અનિવાર્ય રહેશે.

## (ક) ઍકેડેમિક કાઉન્સિલ

સ્થાનિક તપાસસમિતિએ આપેલા અહેવાલ તરત જ ઍકેડેમિક કાઉન્સિલની બેઠકમાં મુકાશે. સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ધ્યાનમાં લઈને ઍકેડેમિક કાઉન્સિલ, કારોબારી સમિતિને યોગ્ય તે ભલામણ આ બાબતમાં કરશે.

## (ડ) કારોબારી સમિતિ (એક્ઝિક્યુટિવ કાઉન્સિલ)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો કારોબારી સમિતિમાં મુકાશે તેમાં રહેલી હકારાત્મક ભલામણો અંગે કારોબારી સમિતિ સંમત થાય તો તે દરખાસ્ત જરૂરી શરતો સાથે રાજ્ય સરકારશ્રીને મોકલશે, સંસ્થાને શરતોની કે જેની પૂર્તતા હજુ કરવાની છે તેની જાણ કરાશે. નકારાત્મક ભલામણનો અહેવાલ પણ રાજ્ય સરકારશ્રીને મોકલાશે અને તેની આગોતરી જાણ જે તે સંસ્થાને પણ કરવાની રહેશે. આ પ્રકારની દરખાસ્તો અહેવાલો કુલસચિવશ્રીની સહીથી રાજ્ય સરકારને મોકલવાના રહેશે.

## (ઇ) કેન્દ્ર સરકારે નીમેલી વૈધાનિક સંસ્થાઓની મંજૂરી :

કેટલાક પ્રકારના અભ્યાસક્રમો શરૂ કરવા માટે કેન્દ્ર સરકારે નીમેલ વૈધાનિક સંસ્થાઓની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે. વિવિધ અભ્યાસક્રમો જેવા કે ડિપ્લોમા, ગ્રૅજ્યુએશન, પોસ્ટ ગ્રૅજ્યુએશન વગેરે માટે નીચે દર્શાવેલ વૈધાનિક સંસ્થાઓની મંજૂરી મેળવવાની રહેશે.

| ક્રમ | અભ્યાસક્રમ | | વૈધાનિક સંસ્થા |
|---|---|---|---|
| ૧. | એજ્યુકેશન અને ફિઝિકલ એજ્યુકેશન | ... | નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજ્યુકેશન (NCTE) |
| ૨. | કાયદો | ... | બારકાઉન્સિલ ઑફ ઇન્ડિયા (BCI) |
| ૩. | ફાર્મસી | ... | ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) |
| ૪. | ડેન્ટલ | .. | ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા (DCI) |
| ૫. | મેડિકલ | .. | મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા (એમ.સી.આઇ.)(MCI) |
| ૬. | હોમિયોપેથી | ... | સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ હોમિયોપેથી (CCH) |

| | | |
|---|---|---|
| ૭. | એન્જિનિયરિંગ ડિપ્લોમા ગ્રૅજ્યુકેશન પોસ્ટ ગ્રૅજ્યુકેશન, પીએચ.ડી. ... | ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) |
| ૮. | ટેક્નોલોજી ... | ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (AICTE) |
| ૯. | કૉમ્પ્યુટર સાયન્સ (પી.જી.) ... | ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન. (AICTE) |
| ૧૦. | મૅનેજમેન્ટ (પી.જી.) હોટલ મૅનેજમેન્ટ ... | ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) |
| ૧૧. | આર્કિટેકચર, ટાઉનપ્લાનિંગ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ | ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન. (AICTE) |

આ સિવાય અન્ય સત્તાધીશ – ઑથોરિટીની જ્યાં મંજૂરી મેળવવાની આવશ્યકતા હોય ત્યાં જે તે ઑથોરિટીની મંજૂરી પણ મેળવવાની રહેશે.

(૫) નવા જોડાણ–નવા અભ્યાસક્રમો – નવા વિષયો મંજૂર કરવાની જે તે યુનિવર્સિટી જેની ભલામણ સહિતની દરખાસ્ત રાજ્ય સરકારને મોકલશે. આ દરખાસ્ત સાથે નિયત પત્રક નમૂનો–અ મુજબ અને નિયત ચેકલિસ્ટ નમૂનો–બ મુજબ જરૂરી વિગતો–માહિતી સાથે અવશ્ય મોકલવાના રહેશે.

(૬) કૉલેજોની અરજીના સંદર્ભે, યુનિવર્સિટીએ મૂકેલ શરતો તેમજ સરકારશ્રીએ આપેલા ના–વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) સૈદ્ધાંતિક પૂર્વમંજૂરીમાં મૂકેલ શરતોનું પરિપાલન નિયત મુદતમાં કરવાનું અનિવાર્ય રહેશે. આવા કિસ્સાઓમાં શરતી ભલામણના અમલ ઉપર યુનિવર્સિટી જ દેખરેખ રાખશે.

(૭) યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારને જોડાણ આપવા માટેની જે દરખાસ્ત – ભલામણ મોકલાશે તેની નકલ સંસ્થા–કૉલેજને મોકલવાની રહેશે નહિ. પરંતુ સંસ્થા-કૉલેજની જોડાણ મેળવવાની અરજી પરત્વે યુનિ.એ કરેલ કાર્યવાહીની જાણ અલગ પત્રથી યુનિ. જે તે સંસ્થા કૉલેજને કરશે.

(૮) યુનિવર્સિટી દ્વારા જે સંસ્થા કૉલેજ પાસેથી જે ફિક્સ્ડ ડિપોઝિટ લેવામાં આવશે તેને રાષ્ટ્રીયકૃત બૅન્કમાં કુલસચિવશ્રીના નામે જમા કરાવવાની રહેશે. યુનિવર્સિટી કસ્ટોડિયન તરીકે ડિપોઝિટની રસીદ રાખશે અને ડિપોઝિટની રકમ તેમજ તેના પરનું વ્યાજ બૅન્કમાં જમા રાખવાની રહેશે. રાજ્ય સરકારે, વૈધાનિક સંસ્થા કે યુનિ. મૂકેલ શરતોનું નિયત સમયમર્યાદામાં પાલન કરવામાં જો સંસ્થા–કૉલેજ નિષ્ફળ જાય તો

યુનિ.ના કાયદા, નીતિ નિયમો વિગેરે મુજબ કાયદાકીય કાર્યવાહી કર્યા બાદ યુનિ. આવી ડિપોઝિટ જપ્ત કરી શકશે. યુનિવર્સિટી તરફથી જ્યારે સંસ્થા-કૉલેજને ડિપોઝિટ પરત કરવાની થાય ત્યાર ડિપોઝિટની રકમ વ્યાજ સહિત પરત કરવાની રહેશે.

(૯) યુનિવર્સિટીએ મુકેલ શરતોનુ સંસ્થા-કૉલેજ દ્વારા યથાર્થ પરિપાલન થાય ત્યાર બાદ આ બાબત કારોબારી સમિતિમાં રજૂ કરી જોડાણનું જાહેરનામું બહાર પાડવા અંગે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરતો ઠરાવ કરશે. આ ઠરાવ સાથેનો પત્ર યુનિવર્સિટીએ રાજ્ય સરકારશ્રીને શૈક્ષણિક વર્ષ શરૂ થયાના ચાર માસમાં મોકલવાનો રહેશે જે કિસ્સાઓમાં રાજ્ય સરકારે ના વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) કે સૈદ્ધાંતિક પૂર્વમંજૂરી આપેલ ન હોય તે કિસ્સામાં પણ આ જ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) રાજ્ય સરકારશ્રીએ યુનિવર્સિટીની ભલામણના આધારે મોડામાં મોડા જે તે શૈક્ષણિક વર્ષ પૂરૂ થાય તેના ત્રણ માસ અગાઉ (એટલે કે માર્ચ-એપ્રિલ માસ સુધીમાં) આવા જોડાણના જાહેરનામા બહાર પાડવાના રહેશે. જેથી ત્યારબાદના શૈક્ષણિક વર્ષના પ્રવેશની કામગીરી હાથ ધરી શકાય.

(૧૧) રાજ્ય સરકાર તરફથી ના વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) સૈદ્ધાંતિક પૂર્વમંજૂરી મેળવ્યા વગર કોઈ સંસ્થા-કૉલેજ કોઈપણ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહી, જો કોઈ સંસ્થા-કૉલેજ આવી પરવાનગી વગર કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપશે તો તેના સામે કાયદાકીય અને શિક્ષાત્મક કાર્યવાહી કરવાની રહેશે.

(૧૨) જ્યારે યુનિવર્સિટી કોઈપણ કૉલેજ/સંસ્થાને જોડાણ આપવાની ભલામણ કરે ત્યારે શરતી ભલામણ મોકલવાની રહેશે નહી. રાજ્ય સરકાર આવી કોઈ શરતી ભલામણ સ્વીકારશે નહી તેમજ શરતી જોડાણ મંજૂર કરતું જાહેરનામું બહાર પાડશે નહી.

૨. રાજ્ય સરકારે કરવાની કાર્યવાહી :

(અ) સૈદ્ધાંતિક પૂર્વમંજૂરી :

(૧) જે - તે કૉલેજ/સંસ્થાને યુનિવર્સિટી સાથે નવા જોડાણ / નવા અભ્યાસક્રમો અથવા નવા વિષયોના જોડાણ કરવાની ભલામણ સહિતની દરખાસ્ત યુનિવર્સિટીએ શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલા રાજ્ય સરકારને મોકલવાની રહેશે. આવી દરખાસ્તના આધારે રાજ્ય સરકારે નિર્ણય લઈ જે તે સંસ્થા-કૉલેજને સૈદ્ધાંતિક પૂર્વમંજૂરી આપવાની રહેશે. જો યુનિવર્સિટીની ભલામણ શરતી હશે તો આવી મંજૂરી આપતી વખતે શરતો પરિપૂર્ણ કરવા માટેની ચોક્કસ સમયમર્યાદા પ્રમાણપત્રમાં દર્શાવવામાં આવશે. પરંતુ જોડાણના શરતી જાહેરનામા બહાર પાડવામાં આવશે નહિ.

(૨) યુનિવર્સિટીએ મુકેલ શરતોનું નિયત સમય મર્યાદામાં, જે-તે સંસ્થા / ટ્રસ્ટ કે કૉલેજે પાલન કરવાનું રહેશે. યુનિવર્સિટીએ પણ આ શરતો અને તેના પાલનની સમયમર્યાદાનું પત્રક શિક્ષણ વિભાગને મોકલવાનું રહેશે.

(૩) સંસ્થા / ટ્રસ્ટ / કૉલેજે રૂ. ૬ લાખની ફીક્સ્ડ ડિપોઝીટ દરેક વિદ્યાશાખા દીઠ અને દરેક વર્ગદીઠ અલગ-અલગ રકમ યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને જે-તે સંસ્થાના પ્રમુખશ્રી / મેનેજીંગ ટ્રસ્ટીના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં છ વર્ષ માટે જમા કરાવવાની રહેશે એક સંસ્થા / ટ્રસ્ટ / કૉલેજ એક કરતા વધુ વિદ્યાશાખા ચલાવવા ઇચ્છતી હોય તો દરેક વિદ્યાશાખા માટે રૂ. ૬-૦૦ લાખ ફિકસ ડિપોઝીટ તરીકે ૬ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં જમા કરાવવાની રહેશે. જે અભ્યાસક્રમમાં જોડાણ માટે ફીક્સ્ડ ડિપોઝીટ જમા કરાવી હોય તે અભ્યાસક્રમનું જોડાણ કાયમી જોડાણમાં પરિવર્તીત ન થાય ત્યાં સુધી ફિકસ ડિપોજીટ વ્યાજ સહિત રિન્યુ કરાવવાની રહેશે.

(૪) સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી સંસ્થા/ટ્રસ્ટ દ્વારા ચલાવતા અભ્યાસક્રમો / જોડાણના વિષયો શીખવવા અંગે કે કૉલેજ ચલાવવા માટે કે અન્ય કોઈ પણ હેતુ માટે રાજય સરકાર તરફથી કોઈ પણ પ્રકારનું અનુદાન/સબસિડી/આર્થિક સહાય કે અન્ય મદદ આપવામાં આવશે નહીં. સંસ્થાઓ બધા અભ્યાસક્રમોનો તમામ ખર્ચ કાયમી સ્વનિર્ભરતાના ધોરણે સ્વખર્ચે પોતાના સ્વભંડોળમાંથી ભોગવવાનો રહેશે.

(૫) સંસ્થા / કૉલેજમાંથી રાજીનામું આપનાર કે નિવૃત્ત થનાર શૈક્ષણિક / બિનશૈક્ષણિક કર્મચારીઓને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, યુનિવર્સિટી રાજય સરકાર કે વૈધાનિક સંસ્થા - એ.આઈ.સી.ટી.ઇ. વિગેરેના કાયદા, નીતિ-નિયમો, વિનિયમો કે અન્ય સૂચનાઓ મુજબ મળવાપાત્ર તમામ લાભોની જોગવાઈ યુનિવર્સિટીના પરામર્શમાં કરવાના રહેશે.

(૬) યુનિવર્સિટીએ નિયત કરેલ ધોરણ પ્રમાણેની મર્યાદામાં રહીને વિદ્યાર્થીઓને જે-તે વિદ્યાશાખામાં પ્રવેશ આપવાનો રહેશે અને પ્રવેશમાં અનામત જગ્યાઓ રાખવા અંગેની રાજય સરકારની વખતોવખતની સૂચનાઓનો અચૂક અમલ કરવાનો રહેશે.

(૭) રાજય સરકારે, યુનિવર્સિટી, વૈધાનિક સંસ્થા-એ.આઈ.સી.ટી.ઇ. વિગેરે કે યુનિ. ગ્રાન્ટ્સ કમિશન દ્વારા નિયત કરવામાં આવેલ ફીનાં ધોરણો પ્રમાણેની જ ફી વિદ્યાર્થીઓ પાસેથી લઈ શકાશે. પછીનાં વર્ષોની ફી અગાઉથી લઈ શકાશે નહીં.

(૮) ટ્રસ્ટ / સોસાયટી / સંસ્થા કે કૉલેજે માંગણી કરેલ અભ્યાસક્રમો ચલાવવા માટે યુનિવર્સિટી, રાજય સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, વૈધાનિક સંસ્થા એ.આઈ.સી.ટી.ઇ. વિગેરેના તમામ કાયદા, નીતિનિયમો, વિનિયમો, ધારાધોરણો કે અન્ય વહીવટી સૂચનાઓનો સંપૂર્ણ અમલ કરીને પાલન કરવાનું રહેશે.

(૯) વિદ્યાર્થીઓના પ્રવેશ માટે પેમેન્ટ સીટ, ફ્રી સીટ અને એન.આર.આઇ. (NRI) સીટના ક્વોટા વિગેરે તેમજ વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની પસંદગી પ્રવેશ પદ્ધતિ અને પ્રવેશ પ્રક્રિયા માટે રાજય સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, વૈધાનિક સંસ્થા (એ.આઇ.સી.ટી.ઇ.) વિગેરેના તમામ કાયદા, નીતિ-નિયમો, વિનિયમો, ધારાધોરણો અને અન્ય સૂચનાઓનો સંપૂર્ણ અમલ કરીને પાલન કરવાનું રહેશે.

(૧૦) જે-તે અભ્યાસક્રમો માટે જોડાણ - મેળવવા માટે સંસ્થા કે ટ્રસ્ટે અરજી કરી હોય તે બધા અભ્યાસક્રમો કાયમી સ્વનિર્ભરતાના ધોરણે સ્વભંડોળમાંથી સ્વખર્ચે જ ચલાવવામાં આવશે તે અંગેની લેખિત બાંહેધરી સંસ્થાના પ્રમુખશ્રી કે ટ્રસ્ટના અધિકૃત ટ્રસ્ટીએ રૂા. ૫૦ (પચાસ રૂપિયા)ના સ્ટેમ્પ પેપર નમૂના-ક મુજબ ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ કે નૉટરી સમક્ષ એટેસ્ટેડ કરાવીને સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

(૧૧) સંસ્થા-ટ્રસ્ટે નવી કૉલેજ શરૂ કરવા માટે રૂા. ૧૦,૦૦,૦૦૦ (રૂપિયા દસ લાખ પૂરા)ની ફિક્સ્ડ ડિપોઝિટ પાંચ વર્ષ માટે રાષ્ટ્રિયકૃત બૅંકમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને સંસ્થાના પ્રમુખશ્રી કે ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટીના સંયુક્ત નામે જમા કરાવવાની રહેશે. આ ડિપોઝિટ દર પાંચ વર્ષે વ્યાજ સહિત તાજી (રિન્યૂ) કરાવવાની રહેશે.

## (બ) ના-વાંધા પ્રમાણપત્ર (N.O.C.)

(૧) પ્રોફેશનલ અને ટેકનિકલ અભ્યાસક્રમો માટે વૈધાનિક સંસ્થાઓ જેવી કે (AICTE) નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજ્યુકેશન (NCTE) મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા (MCI) સેન્ટ્રલ કાઉન્સિલ ફોર હોમિયોપેથી (CCH) વિ. સંબંધિત ઑથોરિટી પાસેથી મંજૂરી મેળવવાની જરૂરિયાત હોય તેવા કિસ્સામાં સંસ્થાએ રાજ્ય સરકારનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવીને સંબંધિત સંસ્થાએ અરજી કરવાની રહેશે.

(૨) રાજ્ય સરકારનું ના-વાંધા પ્રમાણપત્ર (N.O.C.) મેળવવા માટે સંસ્થાએ સંસ્થા કાયમી સ્વનિર્ભરતાના ધોરણે ચલાવવા અંગેનું નમૂના (ક) મુજબનું સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

(૩) પ્રોફેશનલ અને ટેકનિકલ અભ્યાસક્રમો માટે વૈધાનિક સંસ્થાઓ જેવી કે AICTE વિગેરે જેવી સંબંધિત સંસ્થાઓ પાસેથી મંજૂરી મળી જાય તે પછી રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ ડિપોઝિટ સંબંધિત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને સંસ્થાના પ્રમુખમંત્રીશ્રીના સંયુક્ત નામે કોઈ પણ રાષ્ટ્રિયકૃત બૅંકમાં છ વર્ષ માટે મૂકવાની રહેશે.

(૪) નિર્ધારિત ડિપોઝિટ મૂક્યા સિવાય જો સંસ્થા શરૂ કરવાની અથવા વિદ્યાર્થીપ્રવેશની મંજૂરી આપવામાં આવશે અને સંસ્થા શરૂ થશે તો તેનાથી ઉપસ્થિત થતી સમગ્ર જવાબદારી જે તે યુનિવર્સિટીની રહેશે.

## (ક) સંસ્થા-ટ્રસ્ટ-સોસાયટી કે કૉલેજે કરવાની કાર્યવાહી

(૧) કોઈ સંસ્થા એક જ કૉલેજમાં વિવિધ વિદ્યાશાખાઓ હેઠળ વિવિધ પદવી અભ્યાસક્રમો ચલાવવા ઇચ્છતી હોય તો દરેક પદવી અભ્યાસક્રમોના દરેક વર્ગદીઠ રૂા. ૬-૦૦ લાખ (રૂપિયા છ લાખ) ની ફિક્સ્ડ ડિપોઝિટ છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને જે તે સંસ્થાના પ્રમુખશ્રી-મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીના સંયુક્ત ખાતામાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝિટની રકમ વ્યાજસહિત દર છ વર્ષે તાજી (રિન્યૂ) કરાવવાની રહેશે.

(૨) દરેક સંસ્થા - કૉલેજે નીચે દર્શાવેલી બાબતોમાં રાજ્ય સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, યુનિવર્સિટી, વૈધાનિક સંસ્થા - એ.આઇ.સી.ટી.ઇ. વિગેરે નાં પ્રવર્તમાન કાયદા, નીતિનિયમો, વિનિયમો, ધારાધોરણો અને અન્ય સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(અ) અભ્યાસક્રમોને વર્ગની સંખ્યા વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ પ્રવેશ માટેની લાયકાત તેમજ પ્રવેશ માટેની ફીની વિગતો

(બ) દરેક વિદ્યાશાખાના વિવિધ અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓ પાસેથી લેવાની શૈક્ષણિક ફી, ઈતર ફી, અન્ય ખર્ચ વિ. તેમજ સંસ્થાએ મૂકવાની ડિપોઝિટ અને સંસ્થાએ ચૂકવવાની ફી ચાર્જીસ વિ.

(ક) પ્રત્યેક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણૂક કરવા માટે કાર્યભાર, શૈક્ષણિક લાયકાત, નિમણૂકની પદ્ધતિ, નિમણૂકનાં ધોરણો, નિમણૂકની પ્રક્રિયા.

(ડ) દરેક અભ્યાસક્રમો માટે સંસ્થા / કૉલેજ પાસે પૂરતી ભૌતિક સુવિધા, સાધનસામગ્રી, પુસ્તકાલય, પુસ્તકો, લૅબોરેટરી / વર્કશોપ અન્ય સગવડો વિ.. પૂરી પાડવા અંગે.

(૩) વિવિધ વિદ્યાશાખામાં ડિપ્લોમા, ડિગ્રી, ગ્રૅજ્યુએટ, પોસ્ટ ગ્રૅજ્યુએટ વિ. અભ્યાસક્રમો પૈકી જે અભ્યાસક્રમો સંસ્થા ચલાવતી હોય કે ચલાવવા માંગતી હોય તે માટે સંસ્થા કે યુનિવર્સિટી સંબંધિત સત્તાધીશ (ઑથોરિટી) જેમ કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, વૈધાનિક સંસ્થા-એ.આઈ.સી.ટી.ઈ., રાજય સરકાર તેમજ ભારત સરકાર વિ.ની મંજૂરી મેળવી લેવી જોઈએ.

(૪) સંસ્થાએ પોતાની આર્થિક સદ્ધરતા માટે રૂ. ૨૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પૂરા) ની રકમ રોકડમાં / બૅંક બેલેન્સ / ડિપોઝિટના રૂપે જમા છે અને તેટલી જ રકમની અન્ય સ્થાયી અસકયામતો ધરાવે છે તેના આધાર રજૂ કરવાના રહેશે. સદરહુ રકમ કે ડિપોઝિટ તેમજ સ્થાયી અસકયામતો ઋણમુકત છે તે મતલબનું ચૅરિટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ અંગે વખતોવખત નિયત કરવામાં આવે તે પ્રમાણેની ડિપોઝીટની રકમ જમા કરાવવાની રહેશે અને તે અંગેના આધાર-પુરાવા રજૂ કરવાના રહેશે.

(૫) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, રાજય સરકાર યુનિવર્સિટી, વૈધાનિક સંસ્થા એ.આઈ.સી.ટી.ઈ. વિ. એ જે તે અભ્યાસક્રમો માટે જે શરતો મૂકેલી હોય તે તમામ શરતોનું પાલન સંસ્થાએ કરવાનું રહેશે. તે અંગે શરતોનું પાલન કર્યા અંગેની જાણ સંબંધિત સત્તાધીશ (ઑથોરિટી)ને યથાસમયે કરવાની રહેશે.

(૬) સંસ્થા જે સ્થળે કૉલેજ/અભ્યાસક્રમો ચલાવવા ઈચ્છતી હોય તે સ્થળ જે યુનિવર્સિટી વિસ્તારમાં આવેલું હોય તે સિવાયની અન્ય યુનિ. સાથે સંસ્થા જોડાણ મેળવવા ઈચ્છતી હોય ત્યારે આવી સંસ્થાએ પોતાના વિસ્તારની યુનિવર્સિટી અને જેની સાથે જોડાણ મેળવવાનું છે તે યુનિવર્સિટીના ના-વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) મેળવી સરકારશ્રીને રજૂ કરીને સરકારની આ બાબતમાં સંમતિ મેળવવાની રહેશે.

(૭) એક જ ટ્રસ્ટ/સંસ્થા હાલમાં જે સ્થળે એક કૉલેજ ચલાવતી હોય તે જ ટ્રસ્ટ/સંસ્થા બીજી નવી કૉલેજ તે જ જિલ્લામાં શરૂ કરી શકશે નહીં પરંતુ અન્ય બીજા જિલ્લામાં નવી કૉલેજ શરૂ કરી શકાશે અન્ય જિલ્લાની આવી નવી કૉલેજ માટે મકાન મેદાન વિ. અન્ય દરેક પ્રકારની સામગ્રી અને સગવડો

સહિતની અલાયદી આંતર માળખાકીય સવલતો ઊભી કરવાની રહેશે.

(૮) નવી કૉલેજ શરૂ કરતા પહેલાં જે-તે ઑથોરિટીની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે. આવી મંજૂરીની નકલ યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

(૯) કૉલેજના કર્મચારીનાં પગારભથ્થાં માટે અનામત ફંડ તરીકે રૂા. ૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ પૂરા) ની ડિપોઝિટ યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને સંચાલકમંડળ નક્કી કરે તે વ્યક્તિના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બૅંકમાં મૂકવાની રહેશે. આ રકમ યુનિવર્સિટીની પરવાનગી સિવાય કૉલેજ ઉપાડી શકશે નહીં. આ અંગે વખતોવખત નિયત કરવામાં આવે તે પ્રમાણેની ડિપોઝિટની રકમ જમા કરાવવાની રહેશે અને તે અંગેના આધાર પુરાવા રજૂ કરવાના રહેશે.

(૧૦) નવી કૉલેજ શરૂ કરનાર ટ્રસ્ટ પાસે જોડાણ મળતાં પહેલાં રૂા. ૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા) નું વર્કિંગ ફંડ હોવું જોઈએ તથા તેનો આધાર રજૂ કરવાનો રહેશે. આ અંગ વખતોવખત નિયત કરવામાં આવે તે પ્રમાણેની ડિપોઝીટ રકમ જમા કરાવવાની રહેશે. અને તે અંગેના આધાર-પુરાવા રજૂ કરવાના રહેશે.

(૧૧) નવી કૉલેજના ટ્રસ્ટ પાસે, જોડાણ મેળવતા પહેલાં પોતાનું મકાન હોવું જોઈએ જો પોતાનું મકાન કૉલેજ માટે ન હોય તો કૉલેજ શરૂ કર્યાના વર્ષથી પાંચ વર્ષ સુધીનો સમયમર્યાદામાં પોતાનું મકાન બનાવી લેવાનું અને આ પેટે રૂા. ૧૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બાર લાખ પૂરા) ની ડિપોઝિટ નવી કૉલેજના ટ્રસ્ટ તવા યુનિવર્સિટીના કુલસચિવશ્રીના સંયુક્ત નામે રાષ્ટ્રીયકૃત બૅંકમાં મૂકવાની રહેશે. આ અંગે વખતોવખત નિયત કરવામાં આવે તે પ્રમાણેની ડિપોઝિટની રકમ જમા કરાવવાની રહેશે અને તે અંગેના આધાર-પુરાવા રજૂ કરવાના રહેશે.

(૧૨) સંસ્થા/ટ્રસ્ટ દ્વારા અગાઉના વર્ષ માટે મૂકેલી શરતો કે જેનું પરિપાલન કરવાનું બાકી રહે છે તેનું સંપૂર્ણ પરિપાલન કરવાનું રહેશે.

(૧૩) નવા જોડાણના વિષયો કે નવી વિદ્યાશાખા શરૂ કરતા પહેલાં રાજય સરકારની પૂર્વમંજૂરી મેળવ્યા બાદ જ વિદ્યાર્થીને તેમાં પ્રવેશ આપવામાં આવશે તથા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારી-સ્ટાફની નિમણૂકની કાર્યવાહી પણ ત્યારબાદ હાથ ધરવાની રહેશે.

(૪) અન્ય બાબતો :

(૧) ગુજરાત રાજયમાં આવેલી યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા ઇચ્છતી સંસ્થાઓ કે જોડાણ મેળવેલ હોય તેવી ગુજરાત રાજયની ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં કામ કરતી - અભ્યાસક્રમો ચલાવતી તમામ સંસ્થા ટ્રસ્ટ કૉલેજ કે સોસાયટીઓને આ જોગવાઈઓ લાગુ પડશે. હાલમાં ગુજરાત શિક્ષણ વિભાગ હસ્તકની નીચે મુજબની યુનિવર્સિટીઓ કાર્યરત છે :

૧. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૨. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૩. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
૪. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ-વિદ્યાનગર
૫. મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા.

૬. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૭. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર

(૨) ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિવિધ ડિગ્રી ડિપ્લોમા ગ્રેજ્યુએટ પોસ્ટ ગ્રેજ્યુએટ વિ. કક્ષાના તાંત્રિક, બિનતાંત્રિક પ્રોફેશનલ અભ્યાસક્રમો બી.એડ., ડીબીએડ., બીપીએડ., જીબીટીસી., ગ્રામ વિદ્યાપીઠો વિ. સહિત)ચલાવતી ચલાવવા ઇચ્છતી તમામ સંસ્થાઓને આ જોગવાઈઓ લાગુ પડશે.

(૩) તબીબી વિદ્યાશાખા જેવી કે મેડિકલ, હોમિયોપેથી, ફિઝિયોથેરાપી, વિ. અભ્યાસક્રમો માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ અન્ય સંબંધિત વિભાગ કે સત્તાધીશો (ઑથોરિટી) ના પરામર્શમાં જરૂરી વિચારણા કર્યા બાદ રાજ્ય સરકાર નિર્ણય કરશે.

(૪) યુનિવર્સિટી તેમજ અન્ય સંસ્થા કૉલેજોએ આ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે. યુનિવર્સિટી અને રાજ્ય સરકારે મૂકેલ શરતોનો અમલ કરવામાં આવે છે કે કેમ તેની તપાસ અને ચકાસણીની કામગીરી જે તે યુનિવર્સિટીએ કરવાની રહેશે કૉલેજ-સંસ્થાઓ પર દેખરેખ રાખવાની (મોનિટરિંગ કરવાની)જવાબદારી પણ યુનિવર્સિટીની રહેશે.

(૫) ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવાની સૈદ્ધાંતિક મંજૂરી, જોડાણ આપવા કે ના-વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) આપવા બાબતમાં રાજ્ય સરકારનો નિર્ણય સહ- સંબંધિતોને બંધનકર્તા રહેશે અને સરકારનો આવો નિર્ણય આખરી ગણાશે.

(૬) હાલ ઉપર મુજબની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે. ભવિષ્યમાં સરકાર દ્વારા નવા નિર્ણયો લેવાય કે જે તે સમયે આ સૂચનાઓમાં જરૂરી સુધારા કરવામાં આવે કે આ બાબતમાં નવી સૂચનાઓ બહાર ન પડે ત્યાં સુધી આ સૂચનાઓ અમલમાં રહેશે.

(પ્રદીપ પારેખ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

# નમૂનો-અ

## પત્રક

યુનિવર્સિટીનું નામ :
ટ્રસ્ટનું નામ :
કૉલેજનું નામ – સરનામું :

| ક્રમ | વિદ્યા શાખા | વિષય ........ મુખ્ય | ગૌણ | જોડાણનો પ્રકાર ........ ચાલુ/નવું વધારાનું/ કાયમી | જોડાણની મુદત ........................ તારીખ થી તારીખ સુધી | જોડાણ સ્વનિર્ભરતા–ના ધોરણે છે કે અનુદાન–પાત્ર છે અને તારીખ | જોડાણની ભલામણ કરતાં યુનિ.–ની ઍકેડેમિક કાઉન્સિલનાં ઠરાવ નં. ભલામણનો સ્વીકાર કરવામાં આવ્યો હોય. | યુનિ.ની સિન્ડિકેટના ઠરાવ નં. અને તા. જેમાં ઍકેડેમિક કાઉન્સિલની જુદા પત્રક સ્વરૂપે સામેલ કરવી. | માંગેલ જોડાણ જોડાણ શરતી છે કે બિનશરતી? શરતી હોય તો શરત અને તેની સમયમર્યાદા અને તારીખ | સરકારશ્રીમાં થી આ અગાઉ આપવામાં આવેલ જોડાણ–ના જાહેરનામા–નાં ક્રમાંક | વિશેષ નોંધ કે માહિતી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) |
| | | | | | | | | | | | |

## નમુનો – બ

ચેકલીસ્ટ.

### જોડાણની દરખાસ્ત સાથે યુનિવર્સિટીએ મોકલવાનું ચેકલીસ્ટ :
(દરેક અભ્યાસક્રમ માટે જુદુ ચેકલીસ્ટ મોકલવું.)

| | |
|---|---|
| ૧ યુનિવર્સિટીનું નામ | |
| ૨ સંસ્થા / ટ્રસ્ટ / કૉલેજનું નામ – સરનામું. (રજિસ્ટ્રેશન નંબર, તારીખ દર્શાવવા) | |
| ૩ ક્યા અભ્યાસક્રમો માટે જોડાણની દરખાસ્ત છે અભ્યાસક્રમનું નામ વિષયો ક્યા વર્ષ માટે આ અગાઉ સરકારશ્રીએ આ અભ્યાસક્રમો માટે એન.ઓ.સી. અથવા જોડાણ આપેલા હોય તો તેની વિગતો તથા તેની નકલ મોકલવી. | |
| ૪ આ અભ્યાસક્રમો અનુદાનપાત્ર છે કે સ્વનિર્ભરતાના ધોરણે આપવાના છે? (અનુદાનપાત્ર હોય તો સરકારશ્રીના મંજૂરીના ઠરાવની નકલ મોકલવી. | |
| ૫ સ્વનિર્ભરતાના ધોરણે અભ્યાસક્રમો ચલાવવા માટે સંસ્થાએ જરૂરી સોગંદનામું મોકલ્યું છે ? | |
| ૬ સંસ્થાએ યુનિ.માં જરૂરી ફીક્સ્ડ ડિપોઝિટની રસીદો રજૂ કરેલ છે ? (અ) યુનિવર્સિટીના નિયમો મુજબ (બ) સરકારશ્રીની સૂચના મુજબ | |
| ૭ ફીક્સ્ડ ડિપોઝિટની વિગતો (અ) યુનિવર્સિટીના નિયમો મુજબ (બ) સરકારશ્રીની સુચના મુજબ | |

| | |
|---|---|
| (રકમ રૂપિયા, ડિપોઝિટનો પ્રકાર, ડિપોઝિટની મુદત-રાષ્ટ્રિય બૅંકનું નામ વિ. દર્શાવવા | |
| ૮ જોડાણ અરજી માટેની જરૂરી ફી, સંસ્થાઓ યુનિ.માં જમા કરાવેલ છે ? તેની વિગતો | |
| ૯ સંસ્થા-ટ્રસ્ટ આર્થિક રીતે સધ્ધર છે ? આવા અભ્યાસક્રમો ચલાવવા માટે સક્ષમ છે ? | |
| ૧૦ આ અભ્યાસક્રમો માટે અન્ય વૈધાનિક સંસ્થા કે બીજી ઑથોરિટીની મંજૂરી મેળવવામાં આવી છે, જે મંજૂરી મેળવી હોય તેની વિગતો | |
| ૧૧ અગાઉ જે જોડાણો મંજૂર થયા છે કે મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવી છે તેમાં જણાવેલી શરતોનું સંસ્થાએ પાલન કર્યુ છે ? | |
| ૧૨ યુનિ.ના સત્તા મંડળો એ જે ઠરાવથી ભલામણ કરેલી હોય તેની વિગતોનું પત્રક-ઠરાવો વિગેરેની નકલો સાથે મોકલવા | |
| ૧૩ માંગણી કરેલા અભ્યાસક્રમો ચલાવવા માટે નીતિ નિયમો મુજબ જરૂરી આંતરમાળખાકીય વ્યવસ્થાઓ જેમ કે જમીન, વિજળી, પાણી, રસ્તાઓ, મકાનો અન્ય સાધન સામગ્રી વિગેરે સંસ્થા ધરાવે છે કે કેમ ? | |
| ૧૪ જરૂરી આંતરમાળકીય સ્વતંત્ર વ્યવસ્થા ન હોય તો પોતાની અન્ય સંસ્થાના સાધન સામગ્રી કે અન્ય વ્યવસ્થાનો ઉપયોગ કરવા માંગે છે કે કેમ ? | |

| | |
|---|---|
| ૧૫ વિદ્યાર્થીઓ માટે કલાસરૂમ, પુસ્તકાલય, લૅબોરેટરી, વર્કશોપ વિગેરે જરૂરી સુવિધાઓ ઊભી કરવામાં આવેલ છે કે કેમ ? | |
| ૧૬ ધારાધોરણો મુજબ સગવડો ન હોય તો આવી સગવડો ઊભી કરવામાં આવશે. | |
| ૧૭ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ નિયત લાયકાત ધારાધોરણ મુજબ નીમવામાં આવ્યા છે કે કેમ ? | |
| ૧૮ અગાઉ કોઈ અભ્યાસક્રમો ચલાવવા માટે કોઈ મંજૂરી આપેલી હોય તો તેની વિરુદ્ધમાં કોઈ વાંધાજનક બાબતો ધ્યાન પર આવેલ છે કે કેમ ? | |

કુલસચિવશ્રી

........................................... યુનિવર્સિટી

...........................................................

...........................................................

## નમૂનો -- ક

(રૂા. ૫૦-૦૦ અંકે રૂપિયા પચાસ પૂરાના સ્ટેમ્પ પેપર પર)

(તા.ક. આ સોગંદનામાની સાથે ડિપોઝિટ મૂકીને રસીદની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે.)

### ડીડ ઑફ ડેકલેરેશન અને એકરારનામું

આથી અમો નીચે સહી કરનાર આ ડીડ ઑફ ડેકલેરેશન દ્વારા સોગંદનામા ઉપર જાહેર કરી એકરાર કરીએ છીએ કે અમો :

(સોગંદનામું કરનારનું નામ) , (વ્યવસાય)

(ઉંમર) , (ધર્મ) , (જ્ઞાતિ) , (સરનામું)

હાલમાં (ટ્રસ્ટનું નામ) ટ્રસ્ટના ટ્રસ્ટી છીએ અને અમારા નામે મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટોનો અધિનિયમ-૧૯૫૦ અને ધી સોસાયટિઝ રજિસ્ટ્રેશન ઍક્ટ-૧૮૬૦ હેઠળ ચૅરિટી કમિશનરશ્રીના ખાતામાં આજની તારીખે ઉપરોક્ત ટ્રસ્ટના વહીવટકર્તા / મંત્રી / ટ્રસ્ટી તરીકે નોંધાયેલ છીએ. મજકૂર ટ્રસ્ટ મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટોના અધિનિયમ - ૧૯૫૦ હેઠળ નોંધણી નંબર .................... તા. .................... અને ધી સોસાયટિઝ રજિસ્ટ્રેશન ઍક્ટ - ૧૮૬૦ હેઠળ નોંધણી નંબર .................... તા. .................... થી નોંધાયેલ છે અને મજકૂર ટ્રસ્ટના હેતુ હેઠળ કૉલેજ ચલાવવાના હેતુનો સમાવેશ થાય છે. તે રીતે કૉલેજ શરૂ કરવા તથા ચલાવવા માટે ટ્રસ્ટ સક્ષમ છે. આથી અમો નીચે સહી કરનારને આ લેખમાં હવે પછીથી લેખ લખનાર તરીકે સંબોધવામાં આવશે. જે સંજ્ઞામાં ઉપરોક્ત ટ્રસ્ટના ભવિષ્યમાં કાયદેસર નિમાયેલ ટ્રસ્ટીઓ / વહીવટકર્તાઓ તથા તેના એસાઇનીઓ તથા એક્ઝિક્યૂટરો વિગેરેનો સમાવેશ થશે.

૧. આ પ્રકારનું સોગંદનામું કરવા અને લખી આપવા માટે ટ્રસ્ટે અને સભ્યોએ અમોને સત્તા આપેલી છે તેથી અમો આ સોગંદનામું કરીએ છીએ. અમો લેખ લખનાર હાલમાં વહીવટ- કર્તા/મંત્રી છીએ અને મજકૂર ટ્રસ્ટ મુ. પો. ............... તા. ............... જિ. ............... ના સ્થળે ધોરણ – ૧૨ પછીનો ............... વર્ગનો ............................... નો અભ્યાસક્રમ સરકારશ્રી પાસેથી કોઈ પણ પ્રકારની ગ્રાંટ્સ નહીં લેવાની શરતે ચલાવવા માંગીએ છીએ. આ બાબતે અમોએ તા. ............... ના રોજ ઠરાવ નંબર ............... થી ઠરાવ કરેલ છે અને તે મુજબ અમોએ તા. ............... ના રોજ યુનિવર્સિટી તથા તા. ............... ના રોજ સરકારશ્રીમાં સચિવશ્રી, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર- ને જરૂરી વિગતો સાથે એક અરજી કરેલ છે તેના અનુસંધાને નીચેની કબૂલાત પ્રમાણેની શરતો પાળવાની અને જવાબદારી ઉપાડવાની સ્વેચ્છાએ કબૂલાત કરી તેનો કાયમ માટે અમલ કરવાની આથી બાંહેધરી આપીએ છીએ.

૨. સંસ્થાએ ............... વિદ્યાશાખા, ............... અભ્યાસક્રમાં, ............... પદવી, ............... વર્ગ ચલાવવાની મંજૂરી માંગેલ હોઈ પ્રવર્તમાન પ્રથા મુજબ એક વિદ્યાશાખા, અભ્યાસક્રમ, પદવી અને વર્ગ દીઠ રૂા. ૬,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા છ લાખ પૂરા) લેખે ............... વિદ્યાશાખા



:: પાના ૨ પર ::

અભ્યાસક્રમો, પદવી, .............. વર્ગ માટે કુલ રૂ. ........................... અંકે રૂપિયા પૂરાની ફિક્સ્ડ ડિપોઝિટ ............................(રાષ્ટ્રીયકૃત બૅંકનું નામ)........................ , .............. (શાખા) .............. તા. .............. ના રસીદ નંબર .............. થી .............. યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી અને સંસ્થાના ............................ ના સંયુક્ત નામે છ (૬) વર્ષ માટે મૂકેલ છે જે રસીદની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે તેમજ ખાત્રી આપીએ છીએ કે સદરહુ ડિપોઝિટની રકમ પાકતી તારીખે વ્યાજસહિત દર છ (૬) વર્ષે ફરીથી તાજી (રિન્યૂ) કરાવતા રહીશું.

૩. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ તેમજ યુનિવર્સિટી તરફથી મંજૂરી માટે અને જોડાણ માટેની જરૂરી બધી જ શરતોનું પાલન કરવાની આથી બાંહેધરી આપીએ છીએ અને સંસ્થાને / કૉલેજને તેનું રજિસ્ટ્રેશન મળ્યા બાદ જ મજકૂર કૉલેજ શરૂ કરીશું.

૪. આથી અમો બાંહેધરી આપીએ છીએ કે –

(૧) કૉલેજના અધિકારીશ્રી / કર્મચારીઓના પગારભથ્થા અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી અને સંચાલકમંડળ નક્કી કરે તેના સંયુક્ત નામે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બૅંકમાં રૂ. ૨,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા બે લાખ પૂરા)ની ફિક્સ્ડ ડિપોઝિટ મૂકીશું. આ રકમ યુનિવર્સિટીની પરવાનગી વગર ઉપાડીશું નહિ.

(૨) નવી કૉલેજને જોડાણ મળતાં પહેલાં રૂ. ૫,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)નું વર્કિંગ ફંડ ઊભું કરીશું અને તેનો આધાર રજૂ કરીશું.

(૩) નવી કૉલેજનું જોડાણ મેળવતાં પહેલાં અમારું પોતાનું મકાન હશે, જો પોતાનું મકાન ન હોય તો કૉલેજ શરૂ કર્યાના પાંચ વર્ષ સુધીની સમય-મર્યાદામાં પોતાનું મકાન બનાવી લઈશું અને આ પેટે યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી અને સંચાલકમંડળ નક્કી કરે તેના સંયુક્ત નામે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બૅંકમાં રૂ. ૧૨,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા બાર લાખ પૂરા) ની ફિક્સ્ડ ડિપોઝિટ મૂકીશું. આ રકમ યુનિવર્સિટીની અને સરકારશ્રીની પૂર્વપરવાનગી વગર ઉપાડીશું નહીં.

(૪) સંસ્થાની આર્થિક સદ્ધરતા માટે રૂ. ૨૫,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પૂરા) ની રકમ રોકડમાં / બૅંક બેલેન્સ / ડિપોઝિટના રૂપે જમા કરેલાં છે અને તેટલી જ રકમની સ્થાયી અસ્કયામતો સંસ્થા ધરાવે છે તે અંગેના આધારો રજૂ કરીશું.

૫. આથી અમો બાંહેધરી આપીએ છીએ કે –

(૧) કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ લીધા વગર સદરહુ કૉલેજ ચલાવવાની શરતે તમને મંજૂરી આપવામાં આવશે તો અમારી પાસે કૉલેજ ચલાવવા માટેનું પૂરતું ભંડોળ છે અને જરૂર પડેશે માટેનું જરૂરી ભંડોળ ઊભું કરીશું. અમને આ પ્રમાણેની ચોક્કસ સમજ છે અને અમારી સદરહુ કૉલેજ સંસ્થાને સરકારશ્રી તરફથી હાલમાં કે ભવિષ્યમાં પણ કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ કે નાણાકીય મદદ માટે આપવામાં આવશે નહી કે અમે પણ આવી મદદ માટે માંગણી કરીશું નહિ.

(૨) ગ્રાન્ટ ન લેવાની શરતે અમે જે કૉલેજ શરૂ કરીએ છીએ તેમાં નિમણૂક પામનાર શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓને સરકારશ્રીની ગ્રાન્ટ મેળવતી અન્ય સંસ્થાઓ / કૉલેજોમાં આપવામાં આવતા વખતોવખતના પગારધોરણ પ્રમાણે પગારભથ્થું તેમજ અન્ય ભથ્થાંઓ ચૂકવીશું અને તે અંગે અમે સરકારશ્રી તરફથી કોઈ પણ આર્થિક યા અન્ય કોઈ પણ પ્રકારની મદદની ક્યારેય માંગણી કરીશું નહીં. આવી બાંહેધરી રૂપે સરકારશ્રીએ નક્કી કર્યા પ્રમાણે .................................. યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી અને સંસ્થાના સંયુક્ત નામે ઉપર ના ફકરા ૨(બે) મુજબ ડિપોઝિટ મૂકેલ છે જેની પ્રમાણિત નકલ સરકારશ્રીને આ સાથે મોકલેલ છે.

(૩) મજકૂર સંસ્થામાં અમે જરૂરિયાત પ્રમાણેનો સ્ટાફ અમારા ખર્ચે સરકારશ્રીએ નક્કી કરેલા ધોરણો પ્રમાણેનો રાખવા માટે બાંહેધરી આપીએ છીએ તેમજ સરકારશ્રીની અનામત જગ્યાઓ ભરવા અંગેની નીતિ અનુસાર સંસ્થા નિયમો પ્રમાણે જગ્યાઓ ભરશે તેની ખાત્રી આપીએ છીએ.

(૪) ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તેમજ યુનિવર્સિટી અને સંસ્થાને સંબંધિત અન્ય વૈધાનિક સંસ્થાના કૉલેજ ચલાવવાના વખતોવખતનાં જે ધારાધોરણો હશે તેનું ચુસ્તપણે પાલન કરીશું અને તે અનુસાર કૉલેજનું સંચાલન કરીશું.

(૫) સંસ્થાના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટેના કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડન્ટ ફંડનું રજિસ્ટ્રેશન મેળવી લઈશું અને તેના માટેના વખતોવખતના નિયમોનું પાલન કરીશું અને તે માટેની જરૂરી રકમની જોગવાઈ કરીશું.

(૬) સંસ્થા તેમજ સંસ્થાના કર્મચારીઓ વચ્ચે કોઈ પણ વિવાદ કે પ્રશ્નો ઊભા થાય તો તે અંગે સરકારશ્રીએ નીમેલ ટ્રિબ્યુનલને ન્યાયી કાર્યવાહી માટે કેસ સુપરત કરીશું તેમજ અમારા આવા વિવાદ કે પ્રશ્નો ઉપર મધ્યસ્થી તરીકે ટ્રિબ્યુનલનું કાર્યક્ષેત્ર રહેશે તે અમે સ્વીકારીએ છીએ.

(૭) સંજોગોવશાત કૉલેજમાં વર્ગો બંધ કરવાના થાય કે આખી કૉલેજ બંધ કરવાની થાય તો તે સંસ્થાના અધિકારી/કર્મચારીઓને પગાર તેમજ જે કંઈ પણ વળતર ચૂકવવાનું થાય તેની સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે. અમારી સંસ્થાના આવા કર્મચારીઓને ફાજલનું કોઈ રક્ષણ મળશે નહીં તેમજ રાજ્ય સરકારશ્રીની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૮) અમો ગુજરાત સરકારશ્રી અને યુનિવર્સિટી વખતોવખત નક્કી કરે તે પ્રમાણેની ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવીશું.

(૯) અમારી સંસ્થામાં વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતમાં સરકારશ્રીની અનામત નીતિ પ્રમાણેની જગ્યાઓ અનામત રાખીશું અને આ જગ્યાઓ અનામત કક્ષાના ઉમેદવારોથી જ ભરીશું.

(૧૦) અમો અમારી કૉલેજમાં પ્રવેશ આપવા અંગે વિદ્યાર્થીઓ કે તેમના વાલીઓ પાસેથી કોઈ પણ પ્રકારની કેપિટેશન ફી અથવા ડોનેશન અથવા ડિપોઝિટની રકમ કોઈ પણ પ્રકારે લઈશું નહીં

(૧૧) અમારી કૉલેજ / સંસ્થા દ્વારા ઉપર મુજબના જે અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવશે અથવા ભવિષ્યમાં નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે તે બધા માટે યુનિવર્સિટી, રાજ્ય સરકાર યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, વૈધાનિક સંસ્થા - એ.આઈ.સી.ટી.ઇ. વિગેરે અને અન્ય સત્તાધીશો (ઑથોરિટી)ના કાયદા, નીતિનિયમો, વિનિયમો, ધારાધોરણો, સૂચનાઓ વિગેરેનું સંસ્થા દ્વારા અક્ષરશ સંપૂર્ણ પાલન કરવામાં આવશે. તે માટેના જરૂરી આધાર, પુરાવા, દસ્તાવેજો, વિગતો વિગેરે રજૂ કરીશું, બતાવીશું અને લેખિતમાં જાણ કરીશું.

(૧૨) અમારી કૉલેજમાં સરકારશ્રીએ વખતોવખત નક્કી કરેલ અભ્યાસક્રમ પ્રમાણે દરેક વર્ગોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપીશું.

(૧૩) સંસ્થાએ અભ્યાસક્રમો દીઠ વર્ગની સંખ્યા અને વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ પ્રવેશ પદ્ધતી તેમજ પ્રવેશના ધોરણો અંગે, દરેક વિદ્યાશાખાના વિવિધ અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓ પાસેથી લેવાની શૈક્ષણિક ફી, ઇતર ફી, અન્ય ખર્ચ વિગેરે તેમ જ સંસ્થાએ ચૂકવવાની ફી, ચાર્જિસ વગેરે અંગે પ્રત્યેક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીગણની નિમણૂક કરવા માટે કાર્યભાર, શૈક્ષણિક લાયકાત, નિમણૂક પધ્ધતી, નિમણૂકના ધોરણો, નિમણૂકની પ્રક્રિયા વિગેરે અંગે તેમજ દરેક અભ્યાસક્રમો માટે સંસ્થા / કૉલેજ પાસે પૂરતી ભૌતિક સુવિધા, સાધન-સામગ્રી, પુસ્તકાલય, પુસ્તકો, લૅબોરેટરી/વર્કશોપ, અન્ય સગવડો વિગેરે બાબતમાં રાજ્ય સરકાર, યુનિવર્સિટી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, વૈધાનિક સંસ્થા વિગેરેના પ્રવર્તમાન કાયદા, નીતિ - નિયમો, વિનિયમો, ધારા-ધોરણો અને સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરીશું.

(૧૪) વિવિધ વિદ્યાશાખામાં ડિપ્લોમા, ડિગ્રી, ગ્રૅજ્યુએટ, પોસ્ટ ગ્રૅજ્યુએટ અભ્યાસક્રમો પૈકી જે અભ્યાસક્રમો સંસ્થા ચલાવતી હોય/ચલાવવા માંગતી હોય તે માટે યુનિવર્સિટી અને સંબંધિત સત્તાધીશ (ઑથોરિટી) જેમ કે યુનિવર્સિટી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, વૈધાનિક સંસ્થાઓ, રાજ્ય સરકાર, ભારત સરકાર વિગેરેની મંજૂરી મેળવી લઇશું.

(૧૫) યુનિવર્સિટી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, વૈધાનિક સંસ્થાઓ, રાજ્ય સરકાર, ભારત સરકાર વિગેરેએ જે તે અભ્યાસક્રમો માટે જે શરત મૂકેલ હોય તે તમામ શરતોનું પાલન કરીશું. તે અંગેની શરતોનું પાલન કર્યા અંગેની જાણ સંબંધિત સત્તાધીશ (ઑથોરિટી) ને યથાસમયે કરીશું. આ બાબતમાં સત્તાધીશો તરફથી જે દસ્તાવેજો/કાગળો માંગવામાં આવે કે તપાસ કરવામાં આવે તેમાં પૂરતો સાથ- સહકાર આપીને તમામ વિગતો, આધાર, પુરાવા, દસ્તાવેજો વિગેરે રજૂ કરીશું અને બતાવીશું.

(૧૬) અમો જે સ્થળે કૉલેજ / અભ્યાસક્રમો ચલાવીએ છીએ તે સ્થળ જે યુનિવર્સિટી વિસ્તારમાં આવેલું હોય તે સિવાયની યુનિવર્સિટી સાથે સંસ્થા જોડાણ ઇચ્છશે તો અમો અમારા વિસ્તારની યુનિવર્સિટીનાં 'ના - વાંધા પ્રમાણપત્ર - (N.O.C.)'' સરકારશ્રીને રજૂ કરીને સરકારશ્રીની મંજૂરી મેળવીશું.

(૧૭) અમો જે સ્થળે કૉલેજ ચલાવીએ છીએ તે જિલ્લામાં નવી કૉલેજ શરૂ કરીશું નહીં. અન્ય જિલ્લામાં નવી કૉલેજ માટે મકાન, મેદાન વિગેરે અન્ય ભૌતિક સાધન-સામગ્રી અને સગવડો સહિતની અલાયદી આંતર માળખાકીય સવલતો ઊભી કરીશું.

(૧૮) નવી કૉલેજ શરૂ કરતાં રાજ્ય સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવવામાં આવશે અને રાજ્ય સરકારશ્રીની

પૂર્વમંજૂરી મેળવ્યા બાદ જ કૉલેજ/અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે અને પૂર્વમંજૂરીની નકલ યુનિવર્સિટીને મોકલીશું.

(૧૯) અગાઉના વર્ષ માટે મૂકેલી શરતો કે જેનું પરિપાલન કરવાનું બાકી રહે છે તે સર્વે શરતોનું પરિપાલન કરીશું.

(૨૦) નવા જોડાણના વિષયો અને નવી વિદ્યાશાખા કે નવો વર્ગ શરૂ કરતા પહેલાં રાજય સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવ્યા બાદ જ વિદ્યાર્થીપ્રવેશની વિધિ તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી/સ્ટાફની નિમણૂકની કાર્યવાહી હાથ ધરીશું.

(૨૧) અમારા ટ્રસ્ટ/સોસાયટીમાં આ એકરારનામા પર સહી કરનાર ટ્રસ્ટીશ્રી બદલાઈ જશે કે ટ્રસ્ટીના નામમાં કે કૉલેજના નામમાં કે સ્થળમાં કાંઈ પણ પ્રકારનો ફેરફાર થશે તોપણ આ કૉલેજ અંગેની ઉપર જણાવ્યા પ્રમાણેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની તેમજ સંસ્થામાં આવનાર નવા ટ્રસ્ટીશ્રીઓની રહેશે.

(૨૨) ભારત સરકારશ્રી, રાજય સરકારશ્રી, વૈધાનિક સંસ્થાઓ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, યુનિવર્સિટી વિગેરેએ મૂકેલ શરતો તેમજ અમે ઉપર જે કબૂલાત આપી છે તેનું પાલન કરવામાં કસૂરવાર ઠરશું તો યુનિવર્સિટી સાથે સંયુક્ત ખાતામાં મૂકેલ ફિક્સ્ડ ડિપોઝિટ કે યુનિવર્સિટીના ધારા-ધોરણ મુજબ યુનિવર્સિટીમાં મૂકેલી ફિક્સ્ડ ડિપોઝિટ કે ડિપોઝિટની રકમ યુનિવર્સિટી જપ્ત કરશે અને આ સોગંદનામામાં ઉલ્લેખિત શરતો પૈકી તમામ શરતો, એક શરત કે એક કરતાં વધુ શરતોનો પૂરેપૂરો કે તેના કોઈ ભાગનો પણ અમારા થકી ભંગ થાય કે ભંગ કરવામાં આવે કે કરવામાં આવે તો સરકારશ્રી દ્વારા અમારી સામે કોઈ પણ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તે અમોને કબૂલ મંજૂર રહેશે અને તે માટે અમો કોઈ વાંધો કે તકરાર ઉપસ્થિત કરીશું નહીં.

આથી અમો અમારા ધર્મ પ્રમાણે ઈશ્વર સાથે રાખી સોગંદપૂર્વક કબૂલ કરીએ છીએ કે ઉપર પ્રમાણેની અમે સરકારશ્રીને જે બાંહેધરી આપી છે અને અમોએ કબૂલ રાખી છે તેનું ચુસ્તપણે પાલન કરવાની સંસ્થાના ................ તરીકે ખાત્રી આપીએ છીએ તે અમોને કબૂલ મંજૂર છે તેની સાક્ષી રૂપે આ નીચે સહી-સિક્કા, સાક્ષીઓ તથા અધિકૃત અધિકારીશ્રી સમક્ષ આજ તા. ................ ના રોજ કરીએ છીએ.

ટ્રસ્ટનું નામ : ........................................ મંત્રી / વહીવટકર્તા : ........................

સરનામું : ........................................ સહી : ........................................

સ્થળ : ........................................ તારીખ: ........................................

સાક્ષીરહી

| નામ | સરનામું | સહી |
| --- | --- | --- |
| (૧) .............................. | .............................. | .............................. |
| (૨) .............................. | .............................. | .............................. |

મંત્રી / પ્રમુખ / મૅનેજિંગ ટ્રસ્ટી